# ઈડરની પરણિતાએ માનસિક ત્રાસ ગુજારનાર પતિ સહિત સાસરીયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

**લગ્નના શરૂઆતના બે માસ બાદ ઘરના કામકાજ અંગે મહેણાં ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ ગુજારાતો હોવાનો આક્ષેપ**

ઈડર, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૫ સાબરકાંઠા જિલ્લાના ઈડર મુકામે રવિપાર્ક સોસાયટીમાં તથા અમદાવાદના ગોતા મુકામે રહેતી ઈડરની પરણિતાએ લગ્નના શરૂઆતના બે માસ બાદ ઘરના કામકાજ અંગે મહેણાં ટોણાં મારી રૂ. ૧૧ લાખ દહેજની માગણી કરી શારિરીક - માનસિક ત્રાસ ગુજારનાર પતિ સહિત સાસરીયાઓ વિરુદ્ધ ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પતિ સહિત સાસરિયાં વિરુદ્ધ દહેજ ધારા કલમ ૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈડર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર ઈડર મુકામે રવિપાર્ક સોસાયટીમાં તથા અમદાવાદના ગોતા મુકામે રહેતી ઈડરની પરણિતા શૈજાબેન વિનોદભાઈ બાબુલાલ ઠાકર ઉ.વ.૩૧ ને લગ્નના શરૂઆતના બે માસ બાદ ઘરના કામકાજ અંગે મહેણાં ટોણાં મારી રૂ. ૧૧ લાખ દહેજની માગણી કરી અવારનવાર શારિરીક - માનસિક ત્રાસ ગુજારી ગડદા પાટું માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પરણિતાએ સામાજિક ધોરણે સમાધાનનો પ્રયાસ કર્યો હતો જેમાં નિષ્ફળતા મળતા પરિણીતાએ આખરે પતિ સહિત સાસુ - સસરા, નણંદ તથા નાનાજી સાસુ-સસરા મળી કુલ - ૬ સાસરિયાઓ વિરુદ્ધ ઈડર પોલીસ મથક ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

કોના કોના વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ :
(૧) દિવ્યેશ કુમાર નવીનચંદ્ર ભટ્ટ (પતિ)
(૨) નવીનચંદ્ર જગજીવનદાસ ભટ્ટ (સસરા)
(૩) ઉર્વશીબેન નવીનચંદ્ર ભટ્ટ (નણદ)
રહે. ૫૦/રવિ પાર્ક સોસાયટી , ઈડર
(૪) મેઘાબેન સાગરકુમાર બિપીનચંદ્ર જોશી (નણંદ)
રહે. મહાવીર નગર , બેરણા રોડ હિંમતનગર
(૫) વિદ્યાબેન ઈશ્વરભાઈ નાહનાલાલ જોશી (નાનાજી સાસુ)
(૬) ઈશ્વરભાઈ નાહનાલાલ જોશી (નાનાજી સસરા) બંન્ને
રહે. શ્રીનગર રોડ , ઈડર

# ગાયત્રી શક્તિપીઠ બાયડ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



બાયડ તા.૧૫

ગાયત્રી શક્તિપીઠ બાયડ તથા યુવા વિભાગ બાયડ દ્વારા બાયડ તાલુકામાં આવેલ આદર્શ ગામ નવી વાસણી માં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું પરમ પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજીના આધ્યાત્મિક જન્મદિવસ નિમિત્તે રક્તદાન શિબિર નો કાર્યક્રમ યોજવામાં આવ્યો ૭૫ રક્તની બોટલો નુ દાન કરવામાં આવ્યું તથા અગાઉ દિવસે ગાયત્રી પરિવાર તથા યુવાનો દ્વારા ગામની સફાઈ પણ કરવામાં આવી.

# કેશાપુરમાં કેન્ડલ માર્ચથી પુલવામાના શહિદ જવાનોને શ્રદ્ધાજંલી અપાઈ

**વેલેન્ટાઈનની રાત્રે દેશભક્તિની મિસાલ**



બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૫ મોડાસા તાલુકાના કેશાપુર ગામે યુવાનો દ્વારા પુલવામામાં આતંકી હુમલામાં શહિદ થયેલા જવાનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી કેન્ડલમાર્ચ યોજવામાં આવી હતી. વેલેન્ટાઈન ડેની રાત્રે પશ્ચિમી સંસ્કૃતીના આંધળા અનુકરણમાં શહેરી વિસ્તારનો યુવાધન ઉજવણીમાં ગળાડૂબ હતું તે સમયે ગ્રામ્ય વિસ્તારના દેશભક્ત યુવાનો અને ગ્રામજનોએ કેન્ડલમાર્ચનું આયોજન કરી અનોખી મિસાલ પૂરી પાડી છે.

રવિવારે યુવક-યુવતીઓ દ્વારા વેલેન્ટાઈન ડેની પ્રેમસભર ઉજવણી થઈ હતી. આધુનિકતાના રવાડે ચડેલા યુવાધન માટે આ દિવસ પ્રેમનો ભલે બની રહ્યો હોય પરંતુ પુલવામામાં થયેલ વેલેન્ટાઈન ડેના દિવસનો આતંકી હુમલો દેશભક્ત યુવાનોના હૃદયને હચમચાવી નાખતો હોય છે. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના કેશાપુર ગામના યુવાનોએ વેલેન્ટાઈ ડે ને મહત્વ આપવાને બદલે પુલવામામાં શહિદ થયેલા વીર જવાનોને વધુ મહત્વ આપ્યું હતું જેથી સૌ કોઈએ એકત્ર થઈ કેન્ડલ માર્ચ દ્વારા શહિદ જવાનોને શ્રદ્ધાંજલી આપી ત્યારે ભાવસભર દ્રશ્યો સર્જાયા હતા. કેશાપુર ગામના યુવાનોએ શહિદ જવાનોને શહાદતને દિલમાં કાયમ અંકિત કરી કેન્ડલમાર્ચ યોજતાં ખોબા જેવડા ગામની દેશભક્તિ ઉપર સૌ ફિદા થયા છે.

# અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર સંઘ દ્વારા સન્માન...



રાયગઢ, તા.૧૫

હિંમતનગર તાલુકાના પુનાસણ ગામે શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા ચલાવાતા વિહંગનો વિસામો અબોલા જીવ પક્ષી બચાવો અભિયાનના પ્રણેતા ઈન્દુબેન એસ.પ્રજાપતિનું અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર સંઘ અરવલ્લી જીલ્લાના પ્રમુખશ્રી અરવિંદભાઈ પ્રજાપતિ, મંત્રીશ્રી કલ્પેશકુમાર પ્રજાપતિની અબોલા જીવ પશુ-પક્ષી બચાવો માટેની સેવાઓને બિરદાવી સન્માન પાત્ર અને શાલ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે જીલ્લા અધ્યક્ષ આશાબેન વી.પ્રજાપતિ, મહામંત્રી કેશુભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંચાલક ઈન્દુબેન પ્રજાપતિએ અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર સંઘના અગ્રણીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# ગાંભોઈમાં નિરાધારને પાટીદાર સેવા સમિતિ દ્વારા કરીયાણાની કીટ અપાઈ




ગાંભોઈ, તા.૧૫ પાટીદાર સેવા સમિતિ હિંમતનગર સંસ્થા દ્વારા જિલ્લામાં ગરીબ જરૂરિયાત મંદ તેમજ વિધવા-નિરાધાર લોકોને અનાજ, તેલ, કઠોર, મસાલા વગેરે ચીજવસ્તુઓની આખું વર્ષ ચાલે તેટલી કરીયાણા કીટનું વિતરણ કરે છે. જેમાં હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે બે બાળકો સાથે રોડ પર ખુલ્લામાં પડી રહેતી અને ઘેર ઘેર જઈ માંગીને પોતાનું ગુજરાન ચલાવતી એક નિરાધાર મહિલાને ગત રવિવારના રોજ પાટીદાર સેવા સમિતિ હિંમતનગરના પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ, શાંતિભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ તેમજ સ્થાનિક સેવાભાવી યુવા કાર્યકર પરેશભાઈ સુખડીયા, ઉમંગ સુખડીયા, મુકેશસિંહ રાઠોડ, વિરલ પ્રજાપતિ તેમજ હીરસિંહ પરમાર, ભીખાભાઈ પ્રજાપતિની ઉપસ્થિતમાં અનાજની કીટ આપવામાં આવી હતી.

# બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ.ગલબાભાઈ પટેલની ૧૦૩મી જન્મ જયંતી પ્રસંગે પુષ્પાંજલિ

પાલનપુર, તા. ૧૫ એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરીના આદ્યપ્રણેતા સ્વ. ગલબાકાકાની ૧૦૩મી જન્મ જયંતી પ્રસંગે આજે બનાસ ડેરી પ્રાંગણમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

બનાસડેરીના ઈ. એમ.ડી. શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે સ્વ. ગલબાકાકાએ બનાસની ધરતી પર ''વિરાન ભૂમિમાં વિરડી'' સમું બીજ રોપીને જિલ્લાના પશુપાલકો અને ખેડૂતો માટે આર્થિક ઉન્નતિના દ્વાર ખોલવાનું ભગીરથ કામ કર્યું છે. તેમણે જણાવ્યું કે સ્વ. ગલબાકાકાએ રોપેલા બીજને વટવૃક્ષ બનાવવામાં બનાસ ડેરીના કર્મયોગીઓનો સવિશેષ ફાળો રહ્યો છે એટલું જ નહીં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આજે બનાસડેરી એશિયાની જ નહીં પરંતુ વિશ્વની અગ્રીમ હરોળની સહકારી ડેરી તરીકે



ખ્યાતિ ધરાવતી થઈ છે. તેમના નેતૃત્વમાં બનાસડેરીએ દૂધના વ્યવસાયની સાથે અન્ય વ્યવસાયો જેવા કે બટાકા પ્રોજેક્ટ, મધ પ્રોજેક્ટ, ટેક હોમ રાશન પ્રોજેક્ટ, ગોબરગેસ પ્રોજેક્ટ, ઓઈલ પ્રોજેક્ટ જેવા પ્રોજેક્ટ થકી ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરીને આત્મનિર્ભર ભારત બનાવવામાં બહુમૂલ્ય યોગદાન આપ્યું છે.

આ પ્રસંગે બનાસ ડેરીના સિનિયર અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાનો ઓછાયો ઘટ્યો : ઉત્તર ગુજરાતના પ્રવાસન સ્થળો ધબકતાં થયા

**સ્થાનિક ધંધા-રોજગારોમાં નવી ચેતના**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૫ ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં ઠપ થયેલા ધંધા-રોજગારો ફરીથી પાટે ચડી રહ્યા છે. સંક્રમણ બેકાબૂ બનતાં સરકાર દ્વારા ઉત્તર ગુજરાતના પ્રવાસન સ્થળો ઉપર કેટલાંક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા જેના કારણે પ્રવાસીઓની હાજરીથી ધમધમતાં સ્થળો સુમસામ બની ગયા હતા પરંતુ હવે કોરોનાનો ઓછાયો ઘટતાં ૫ જિલ્લાના ટોપટેન સ્થળોએ પ્રવાસીઓની ચહલ-પહલ શરૂ થઈ છે. છેલ્લા કેટલાંક દિવસોથી ઉત્તર ગુજરાતના સહસ્ત્રલિંગ તળાવ, પટોળા હાઉસ, ઈડરગઢ, વિજયનગરની જૈન પોળો, સિદ્ધપુર રૂદ્રમહાલય, તારંગાહિલ, મોઢેરા સૂર્યમંદિર, રાણકીવાવ, અંબાજી શક્તિપીઠ અને શામળાજી વિષ્ણુમંદિર સહિતના સ્થળોએ અન્ય જિલ્લાના સહેલાણીઓની સંખ્યામાં વધારો થયો છે જેના કારણે સ્થાનિક ધંધા-રોજગારોમાં નવી ચેતના આવી છે.

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ધંધા-રોજગારોને અગણિત નુકસાન પહોંચ્યું છે. સંક્રમણ રોકવાના સરકારના તમામ પ્રયાસો નાકામીયાબ સાબિત થયા હતા જેથી લોકડાઉનના વિવિધ તબક્કામાંથી પ્રજા અને વેપારીઓને પસાર થવું પડ્યું છે જેમાં સૌથી વધુ માઠી અસર પ્રવાસન સ્થળોના ધંધા-રોજગારોને થઈ હતી. ઉત્તર ગુજરાતમાં કોરોના વૅક્સીનેશનો આરંભ થતાંની સાથે આશ્ચર્યજનક રીતે સંક્રમણ ઘટી ગયું છે. ૫ જિલ્લામાં સંક્રમણની સ્થિતિ હવે ચિંતાજનક રહી ન હોવાના કારણે સરકારે ધાર્મિક સ્થળો અને પ્રવાસન સ્થળો કેટલાંક નિયમો સાથે ખોલવાની છૂટ આપી છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાના કારણે ટોપટેન પ્રવાસન સ્થળો ઉપર કાગડા ઉડતાં હોય તેવી સ્થિતિ જોવા મળતી હતી પરંતુ હવે ધીરે-ધીરે પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થતો જાય છે. કોરોનાની પકડ ઢીલી પડતાં સરકારે રાહત અનુભવ્યા પછી થિયેટરોમાં ૧૦૦ ટકા પ્રેક્ષકો સાથે સિનેમાના શો શરૂ કરવાની છૂટ આપી છે. પરંતુ પ્રેક્ષકો શોધ્યા જડતા ન હોય તેવો ઘાટ ઘડાયો છે જ્યારે તેની સામે પર્યટક સ્થળો ઉપર દિનપ્રતિદિન પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યાનું સ્થાનિક વેપારીઓ જણાવી રહ્યા છે. પ્રવાસન સ્થળો ઉપર દૂર-દૂરથી સહેલાણીઓ સરકારી ગાઈડલાઈનના પાલન સાથે મુલાકાત લેવા માંડ્યા છે જેના કારણે કોરોના કાળમાં બેહાલ થયેલા સ્થાનિક નાના-મોટા ધંધા-રોજગારોને નવું જોમ મળવા લાગ્યું છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કોરોના સંક્રમણ બેકાબુ બની જતાં પ્રવાસન સ્થળો એક તબક્કે સંક્રમણનું એપી સેન્ટર બનવાની દહેશત સેવાઈ હતી જેથી સરકાર દ્વારા મુલાકાતીઓ ઉપર કેટલીક પાબંધીઓ લગાવામાં આવી હતી પરંતુ હવે સંક્રમણ ઘટ્યા પછી પ્રવાસન સ્થળો ફરીથી ધબકતાં થયાં છે.

# નેત્રામલી કેદારેશ્વર મહાદેવ મંદિરમાં ભજન કીર્તન યોજાયા



નેત્રામલી, તા. ૧૫ ઈડર તાલુકાના નેત્રા મલી ખાતે આવેલા શ્રી કેદારેશ્વર મહાદેવ મંદિરમાં તારીખ ૧૩/૨/૨૦ ને શનિવારના રોજ મહા સુદ બીજ નિમિત્તે ગામના ભક્તિ શીલ વડીલો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભજન કીર્તન સાથે સંત્સગનો લ્હાવો પ્રાપ્ત કરી હર્ષ સાથે મોડી રાત સુધી ભજન કીર્તનમા તલ્લીન રહી છેલ્લે પ્રસાદી નો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# દધાલિયા ગામના સમાજસેવી તબીબ અને પૂર્વ સરપંચ બે મહાનુભાવોની વિદાયથી પંથક શોકમગ્ન

મોડાસા, તા. ૧૫ મહેસાણાના વિજાપુર તાલુકના લોદરા ગામના અને મોડાસાના દધાલિયા ગામને કર્મભૂમિ બનાવનાર સેવાભાવી તબીબ ડૉ. મંગળભાઈ પરમારનું જૈફ વયે નિધન થતા સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી મોડાસા તાલુકના દધાલિયા ગામે આરોગ્ય માટેની સગવડ નહોતી સરકારી દવાખાનું પણ ગામમાં નહોતું વાહન વ્યવહારની સગવડ પણ નહોતી ત્યારે દધાલિયા સહીત આજુબાજુના પંથકમાં બે થી પાંચ કિલોમીટર પગે ચાલી ને આપેલ આરોગ્ય વિષયક સેવાઓ આ પંથક ક્યારે ભૂલે તેમ નથી દધાલિયા પંથકમાં ગરીબ દર્દીઓની નજીવા દરે કે પછી વિનામૂલ્યે તબીબી સારવાર આપી અનેક લોકો માટે મસીહા સાબીત થયા હતા દધાલિયા ગામના અન્ય એક બ્રહ્મ સમાજના અગ્રણી અને દધાલિયા પંથકના વિકાસ માટે ઝઝૂમનાર અને જે.બી. મહેતા તરીકે સમગ્ર પંથકમાં આગવી ઓળખ ધરાવતા સમાજસેવીની ચીર વિદાય થતા બે દિવસમાં બે મહાનુભાવોની વિદાય થી સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ છે સામાજિક કાર્યકર્તા પૂર્વ સરપંચ એસ ટી સલાહકાર બોર્ડ ના સભ્ય તેમજ પત્રકાર તરીકે





રહી ને આ વિસ્તારના દસ થી વધુ ગામડામાં શિક્ષણ, આરોગ્ય,વાહન વ્યવહાર માટે એસ ટી બસ સેવાઓ,પાણી ખેતી સુધારણા સહિત ની અનેક પ્રકાર ના વિકાસ ના કર્યો કરી આ વિસ્તાર ની જનતા માટે ખુબજ સેવાઓ આપનાર સ્વ જેઠાલાલ ભૂરાલાલ મહેતા પ્રદેશમાં આ બન્ને મહાનહસ્તી ઓ એ આ વિસ્તારમાં વિકાસના કામો તેમજ સામાજીક રાજકીય તેમજ તમામ સારા નરસા તમામ પ્રકારની સેવાઓ નો લાભ ગરીબ અને અભણ માધ્યમ વર્ગની જનતાના લોક હૃદયમાં એક આગવું સ્થાન ગ્રહણ કરનારા આ બંન્ને મહાનહસ્તી સદગતના આત્માને દિવ્ય શાંતિ મળે તેવી ગામમાં પ્રાર્થના કરવામાં આવી હતી.

# પ્રાંતિજ પોલીસે સુખડ ગામેથી દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

પ્રાંતિજ તા.૧૫ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સુખડ ગામેથી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજના સુખડ ગામ બાજુ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન સુખડ ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતીકે સુખડ ખાતે ઘરની આગળ ચોપાડ માં એક ઈસમ દ્વારા દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા સુખડ ગામમાં જઈને તપાસ કરતાં સુખડ ગામમાં રહેતા જેણાજી ડાહ્યાજી ડાભી રહે.સુખડ તા.પ્રાંતિજ દ્વારા પોતાની ઘર ની બહાર ખુલ્લી જગ્યા ચોપાડ માં નીચે બેસીને દેશી દારૂ નું વેચાણ કરતા હોય તેમણી પાસે થી પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા-૮૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનો નોધી અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# કડી તાલુકાના રંગપુરડા ખાતે નવીન બ્રાન્ચ પોસ્ટ ઓફિસનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૫ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના રંગપુરડા બ્રાન્ચ પોસ્ટ ઓફિસ ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થયેલ છે. રંગપુરડા બ્રાન્ચ પોસ્ટ ઓફિસનો પીનકોડ નંબર ૩૮૪૪૪૦ છે.જે અંગે જાહેર જતના અવગત થાય તે જરૂરી છે તેમ અધિક્ષક ડાકઘર મહેસણા મંડલની અખબારી યાદીમાં જણાવાયું છે

# પ્રાંતિજ ખાતે એક્સિસ બેંકનું એટીએમને તસ્કરો દ્વારા તોડવાનો પ્રયાસ થયો

પ્રાંતિજ તા.૧૫ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એક્સિસ બેંકનુ એટીએમ ને તસ્કરો દ્વારા તોડવાનો પ્રયાસ.




પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ એક્સિસ બેંક ના એટીએમ ને રાત્રીના સમયે તસ્કરો દ્વારા ગેસ કટર લઈને આવીને તોડવાનો પ્રયાસ કર્યો હતો પણ બેંકમા રહેલ સીસ્ટમ ને લઈ ને એલારામ દ્વારા બેંક મેનેજર અનુપ કુમાર બાજપાઈ અને અન્ય એક બેક કર્મચારી યોગેશ ભાઈ ને જાણ થતા તાત્કાલીક બેંકમાં દોડી આવ્યા હતા અને પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ પોલીસ પણ બેંક ખાતે દોડી આવી હતી તો તસ્કરો પણ પ્રાંતિજ પોલીસ અને બેંક કર્મચારીઓ આવે તે પહેલા ભાગી ગયા હતા અને એટીએમ તોડવા આવેલ તસ્કરોને ખાલી ફેરો પડયો હતો તો બેંક એટીએમ ઉપર વોચમેનના હોવાથી છાસવારે આવી ધટના બનતી હોય છે તો પ્રાંતિજ પોલીસના રાત્રીના પેટ્રોલિંગ ઉપર પણ હાલતો સવાલો ઉઠયા છે અને અવરનવર પ્રાંતિજમાં તસ્કરો દ્વારા ચોરીને અજાણ અપાયો છે તો પણ પ્રાંતિજ પોલીસ જાણે હજુય ગૌર નિદ્રામા હોય તેવુ જણાઈ આવે છે ત્યારે હાલતો સીસીટીવી ફૂટેજ મા દેખાતા બે તસ્કરો સહિતની પોલીસ દ્વારા તપાસ કરવામા આવશે કે પછી દર વખતની જેમ હોતાહે ચલતા હે ની સ્થિત જોવા મળશે એ તો હવે જોઉ રહ્યુ.